મહત્તમ : ૨૮.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૯ ટકા

ગાંધીનગર **તાપમાન**

# શહેરમાં શપથવિધીને પગલે ઠેર ઠેર ટ્રાફિકજામ

ગાંધીનગર, તા.૨૬

સચિવાલય ખાતે શપથવિધી સમારોહને પગલે વાહનો માટે પ્રવેશ બંધી હોવાથી સે-૧૧, ૧૭, મીના બજાર, જુના સચિવાલય, ટાઉન હોલ, જિલ્લા પંચાયત, સહિત ચ માર્ગની બંન્ને બાજુ વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો. હજ્જારો વાહનોનો ખડકલો સર્જાતા સેકટર સહિત વાણીજય કોમ્પ્લેક્ષ વિસ્તાર પણ પાર્કીંગ પેલેસમાં ફેરવાઈ ગયા હતા. જયારે કર્મચારીઓના વાહનો માટે પણ પ્રવેશબંધી હોવાથી તેઓ પણ પોતાના વાહનો નજીકમાં મુકીને સચિવાલયમાં અંદર પ્રવેશી ગયા હતા. કેટલાક સ્થળો પર અડચણરુપ વાહનો મુકતા બહારગામથી આવેલા કાર્યકરો અટવાયા હતા. જયારે સવારના દશ વાગ્યાના અરસામાં ચ માર્ગ પરથી પસાર થવુ પણ સામાન્ય નાગરીકો માટે મુશ્કેલીરૂપ બન્યું હતું.

ગાંધીનગર શહેરના સચિવાલય ખાતે આજે સવારે રાજયના મુખ્યમંત્રી અને મંત્રી મંડળનો શપથવિધી સમારોહ યોજાયો હતો. જેમાં સતત ૬ ઠ્ઠી વાર ભાજપની સરકાર બનતા સમગ્ર ગુજરાતમાંથી પક્ષના આગેવાનો, હોદેદારો, અને કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. શપથવિધિ સમારોહને પગલે સચિવાલયમાં સરકારી કર્મચારીઓના પણ વાહનો બહાર મુકવાના હતા તેમજ રાજયભરમાંથી આવેલા આગેવાનો, હોદેદારો સહિત કાર્યકરોએ ખાલી જગ્યા જોવા મળી ત્યાં પોતાના વાહનો ઉભા કરી દેતા વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો. તંત્ર દ્વારા નિયત કરેલા પાર્કીંગ તો હાઉસફુલ જોવા મળ્યા હતા પરંતુ શુભેચ્છકો મોટીમાત્રામાં આવતા ઠેરઠેર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જયારે ચ માર્ગની બંન્ને બાજુ પર ચ-૩ થી ચ-૫ સુધી ગાડીઓ ગોઠવાઈ ગઈ હતી. શપથ સમારોહને પગલે શુભેચ્છકોને સચિવાલય પાસે જયા જગ્યા ખાલી જોવા મળી ત્યાં ગાડીઓ મુકીને સમારોહમાં જવા રવાના થયા હતા. જયારે સવારે ૧૦ વાગ્યાના અરસામાં કર્મચારીઓ અને સામાન્ય નાગરીકોને પણ પસાર થવું મુશ્કેલી સમાન બન્યું હતું. જયારે સે-૧૭ ના આંતરીક માર્ગો, જિલ્લા પંચાયત, જિલ્લા પરિષદ કચેરી, જુના સચિવાલય, મીના બજાર, ટાઉનહોલ, સે-૧૧ સહિતના સ્થળો પર પાર્કીંગને પગલે ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. શપથ સમારોહને પગલે આડેધડ વાહનો મુકીને જતા રહેતા અન્ય વાહન ચાલકોને પારાવાર મુશ્કેલી વેઠવી પડી હતી. જયારે કેટલાક કાર્યકરોએ તો ફુટપાથને પણ પાર્કીંગ બનાવી લીધુ હતું.



## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉત્તરના ધારાસભ્ય સી.જે. ચાવડાનો અભિવાદન સમારોહ સવારે ૧૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● મહાત્મા મંદિર ખાતે શપથવિધિના મહેમાન માટે ખાસ ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી તેના બંદોબસ્તમાં પોલીસ કર્મીઓ વહેલી સવારથી તૈનાત કરાયા હતા. મહેમાનોની ભોજન વ્યવસ્થા સાચવનારા આ પોલીસ કર્મીઓને છેક સાંજે પાંચ વાગે ટિફિન ખાવાનો મેળ પડતા સે-૧૨ના રંગમંચ ખાતે તેમણે સમુહ ભોજન કર્યું હતું.

● શપથવિધિ સમારોહ દરમિયાન એએફપી ન્યુઝ એજન્સીમાં ફોટોગ્રાફર સામ પંથતિના કેમેરાનું ‘લેન્સહુડ’ ગાંધીનગરમાં કયાંક પડી જવા પામ્યું હતું. આ લેન્સહુડ જેને મળે તેમણે તેમના મો.નં. ૯૮૨૪૦૫૧૫૨૯ પર ફોન કરી પરત કરવા તેમણે વિનંતી કરી છે.

# સિવિલમાં ડિપ્રેશન અને આપઘાત નિવારણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલના એન.સી.ડી. વિભાગ દ્વારા નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ડિપ્રેશન અને આપઘાત નિવારણ પર માનસિક ઓપીડી વિભાગમાં જ બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વર્ગ ૪ના ૨૪૦થી વધુ કર્મચારીઓને આ શિબિરનો લાભ મળશે. ત્યારે આજે દિવસમાં ત્રણ બેચમાં ૧૨૦થી વધુ કર્મચારીઓએ શિબિરનો લાભ લીધો હતો. સમગ્ર ભારતમાં ડિપ્રેશનને પગલે ૧૫ થી ૩૦ વર્ષના યુવાનો મૃત્યુ પામે છે. તેમાં સૌથી વધુ કારણ આપઘાત હોય છે. જયારે દવાઓ અને કાઉન્સેલીંગ દ્વારા સંપૂર્ણ રીતે વ્યકિતને ડિપ્રેશનમાંથી બહાર કાઢી શકાય છે.



આ પ્રસંગે ડૉ. ચિંતન સોલંકી, તેજસ પટેલ અને તેમની ટીમના સભ્યોના જણાવ્યા અનુસાર આપઘાત કરનાર વ્યકિત પોતાના મનની વાત નજીકના કોઈને જણાવવા માંગતા હોય છે. પરંતુ આપણા સમાજમાં ડિપ્રેશન અને આપઘાતનો લાંછનારૂપ કે કલંકરૂપ ગણવામાં આવે છે. માનસિક રીતે નબળો, તેવા મેણા-ટોણાથી અપમાનિત કરાય છે. આવા દર્દીને જો યોગ્ય સમયે માનસિક સાથ અને સધીયારો સાંપડે તો ચોકકસથી દર્દીને બચાવી શકાય છે. આજે સિવિલના માનસિક વિભાગની ઓપીડીમાં ૧૨૦ લોકોએ શિબિરનો લાભ લીધો હતો. આવતીકાલે પણ આ શિબિરનો લાભ વર્ગ-૪ના ૧૨૦ કર્મચારીઓનો આપવામાં આવશે. આ શિબિરનું આયોજન એનસીડી સેલના ડૉ. ચિંતન ગોંડલીયા અને સહયોગી ભાગ્યેશ પરમારે કર્યું હતું.

# અભયમ્ ૧૮૧ ટીમે ઘરસંસારને તુટતો બચાવ્યો

ચિલોડા, તા.૨૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના એક ગામમાં રહેતા પતિ-પત્નિ વચ્ચે ઘણા સમયથી ગૃહ કંકાસે માઝા મુકી હતી. સોમવારના રોજ આ કંકાસે વરવુંરૂપ ધારણ કરી લેતા પડોશીઓ અને પરિવારજનોમાં પણ ભયનું વાતાવરણ ઉભું થયું હતું. જે પૈકી પરિવારમાંથી કોઈએ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી મદદ માંગી હતી. જેથી અભયમ્ ટીમના મહિલા કાઉન્સીલર ભાવિકાબેન ભગોરા ટીમ સાથે તાત્કાલિક પહોંચી ગયા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જેમાં પતિ-પત્નિ વચ્ચે પતિ ઉપર તેની પત્નિ શંકા કરી રોજ ઝઘડો કરતી હતી. જે અંગે અભયમ્ ટીમે બંનેને સમજાવી શંકાનું સમાધાન કરાવી હવે ઝઘડા નહીં કરવા અને સંસારને રાજીખુશીથી ચલાવવા એકમત કરાવ્યા હતા. આમ શંકાના કીડાને દૂર કરી અભયમ્ ટીમે એક ઘરનો સંસાર તુટતો બચાવ્યો હતો. જેનો પરિવારજનોએ આભાર વ્યકત કર્યો હતો.

# શપથવિધિ કાર્યક્રમમાં મુન્દ્રાના કાર્યકરનું રૂપિયા ૨૨ હજાર ભરેલુ પાકીટ ગયું...!

## અતિસુરક્ષિત વિસ્તારમાંથી પાકીટ ઉપરાંત ચાર કાર્યકરોના મોબાઈલ પણ ચોરાયા : પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૬

વિધાનસભાની ચુંટણીમાં ૯૯ બેઠકો પર વિજય મેળવી ભાજપ સત્તા પર આવ્યું છે જે અંતર્ગત આજે સચિવાલય સંકુલમાં થ્રી લેયર સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મુખ્યમંત્રી તથા તેમના મંત્રી મંડળની શપથવિધિનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પણ ગઠીયાઓ સક્રીય થઈ ગયા હતા. કાર્યક્રમો પૂર્ણ થયા બાદ પોલિસ સ્ટેશનમાં પાકીટ અને મોબાઈલ ચોરીની ફરિયાદ માટે જાણે લાઈન લાગી હતી.

સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ શપથવિધિ સમારોહમાં આવેલા ભુજના મુન્દ્રા વિસ્તારના કાર્યકર સુરેશભાઈ મણીભાઈ ઠકકરના ખિસ્સામાંથી પાકીટ ગુમ થઈ ગયું હતું. ભીડભાડમાં કોઈ ગઠીયો રૂ. ૨૨ હજાર રોકડ તથા ક્રેડીટ-ડેબીટ કાર્ડ અને ઓરીજીનલ ડોકયુમેન્ટસ ભરેલું પાકીટ સેરવી ગયો હતો. તે ઉપરાંત રાધનપુરના હિતેશભાઈ ભેમાભાઈ દેસાઈ, રાજકોટના શૈલેન્દ્રસિંહ ભાવસિંહ ભાટી, પાલનપુરના જગદીશભાઈ આર. જોષી અને ઈશ્વરભાઈ જોષી ચારેયના મોબાઈલ ચોરી થઈ ગયા હતા. પાકીટ ચોરી અને મોબાઈલ ચોરીઓ અંગે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

# સે-૧૩ નંદનવન આશ્રમ શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

## ઉડાન ફાઉન્ડેશન દ્વારા નાતાલની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૨૬

દર વર્ષની જેમ આ વર્ષે પણ નાતાલના પર્વ નિમિત્તે ગાંધીનગરમાં સામાજીક કાર્યો સાથે સંકળાયેલ તથા ઉડાન ફાઉન્ડેશનમાં પ્રોજેકટ કોર્ડીનેટર તરીકે સેવા આપતા વિજયસિંહ માજીરાણાએ સે-૧૩ સ્થિત નંદનવન આશ્રમ શાળા ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ હતું. આ પ્રસંગે જાણીતા કલાકાર જનકભાઈ ઠકકર, પ્રશાંત કોરાટ, પ્રદિપસિંહ વાઘેલા, બી.એસ. ઠાકોર, યોગેન્દ્રસિંહ ચાવડા, આનંદભાઈ વાઘેલા, શાળાના આચાર્ય યોગેશભાઈ દરજી તથા સ્ટાફગણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



શાળાના કુલ ૪૧ બાળકોએ ચિત્ર સ્પર્ધામાં હોંશે હોંશે ભાગ લીધો હતો. આ વખતે બાળકોએ સ્વચ્છતા આધારિત, વૃક્ષોનું જતન કરતા અને કુદરતી દશ્યો વાળા ચિત્રો પોતાની ડ્રોઈંગશીટમાં દોર્યા હતા. જેમાં પ્રથમ નંબરે વળવાઈ કિંજલ વિરસિંગભાઈ, દ્વિતિય નંબરે વહોનિયા સાગર રમેશભાઈ તથા તૃતીય નંબરે સવાણી નૈતિકકુમાર પ્રવિણભાઈ વિજેતા રહ્યા હતા. ત્રણે વિદ્યાર્થીઓને ટ્રોફી આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જનકભાઈ ઠકકરે બાળકોને ભણી ગણીને ખૂબ જ આગળ વધે તથા આપણા દેશનું નામ રોશન કરે તે માટે પ્રેરિત કર્યા હતા તેમજ પ્રશાંત કોરાટે પણ બાળકોને શાળામાં થતી દરેક ઈતર પ્રવૃત્તિમાં ભાગ લેવા જણાવ્યું હતું.

કાર્યક્રમના અંતે શાળાના બાળકોને બિસ્કીટનું વિતરણ કરાયું હતું. જેના દાતા અનામિકા એકેડમી તરફથી હતા. મહાનુભાવોની આભારવિધિ શાળાના આચાર્ય યોગેશભાઈ દરજીએ કરી હતી.

# આજે મેગા અંતાક્ષરીનો સેમી ફાઈનલ રાઉન્ડ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં સૌ પ્રથમવાર મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા યોજાઈ રહેલી મેગા અંતાક્ષરીનો સેમીફાઈનલ રાઉન્ડ આવતીકાલ તા. ૧૭-૧૨-૨૦૧૭ને બુધવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે શ્રી ખીમજી વિસરામ હોલ, કડી કેમ્પ, સે-૨૩, ગાંધીનગર ખાતે યોજાનાર છે. સેમી ફાઈનલ રાઉન્ડ અત્યંત રસપ્રદ બની રહેશે. ભાગ લેનાર સહુને સમયસર હાજર રહેવા વિનંતી છે.

મેગા અંતાક્ષરી સ્પર્ધાને ખૂબ સારો પ્રતિસાદ સાંપડયો છે. આ સ્પર્ધામાં લગભગ ૫૦ ટીમ ભાગ લઈ રહી છે. આ સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ તા. ૩૦મી ડીસેમ્બરને શનિવારે સાંજે ૭.૩૦ કલાકે ટાઉનહોલ-ગાંધીનગર ખાતે યોજાશે.

# આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૬

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે શનિવારના તા. ૨૩-૧૨-૨૦૧૭ના રોજ ધો-૭ના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. ૨૪ ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન નિમિત્તે ‘જાગો ગ્રાહક જાગો’ નાટક દ્વારા ગ્રાહકની જાગૃતિ તેમજ તેમના હક્કો માટે સુંદર રજુઆત કરવામાં આવી હતી. ગ્રાહકની ફરજ, બિલનું મહત્વ, પેકીંગ તારીખ, વજન, ગુણવત્તાની ચકાસણી, એગમાર્ક-હોલમાર્કનું મહત્વ તથા વેપારી કેવી રીતે છેતરે છે તે સરળ રીતે નાટકીય ભાષામાં સમજાવવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રીએ ગ્રાહક તરીકે સુરક્ષા સાથે સાવધાની રાખે તો હાલનો ગ્રાહક છેતરાશે નહી તેવો સંદેશ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક મેઘાબેન દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભાટ ગામમાં ધો-૧૨ની વિદ્યાર્થીનીનો ગળે ફાંસો ખાઈ આપઘાત

## અભ્યાસ બાબતે ઠપકો આપતા આપઘાતનું પગલું ભર્યું હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર-ઈન્દિરાબ્રિજ માર્ગ પર આવેલા ભાટ ગામમાં ધો-૧૨માં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય વિદ્યાર્થીનીએ પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલિસો મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ભાટ ગામમાં આવેલી પીર હાઉસીંગ સોસાયટીમાં રહેતા મહેશભાઈ પંચાલની ૧૬ વર્ષની દિકરી પાયલ પંચાલ ધોરણ-૧૨માં અભ્યાસ કરતી હતી. અભ્યાસ કરવા બાબતે પાયલને તેણીની ફોઈએ ઠપકો આપ્યો હતો. ત્યારબાદ પાયલે તેણીના ઘરે જ ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. ઘટના અંગે અડાલજ પોલિસને હર્ષદભાઈ પટેલે જાણ કરતા પોલિસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ગુનો દાખલ કરી ઘટનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં ફોઈએ ભણવા બાબતે આપેલા ઠપકાને કારણે આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. પોલિસે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

# છગનભા વિજય પદ્મ સ્પર્ધા કડીમાં એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા.૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કુલની પૂ. છગનભા વિજય પદ્મ સ્પર્ધા કડી ખાતે તા. ૨૩-૧૨-૨૦૧૭ના રોજ યોજાઈ હતી. જેમાં ગાંધીનગરની શાળાની કબડ્ડીની ટીમ પ્રથમ નંબર તથા ૧૦૦ મી. દોડમાં ભાવસાર ક્રિશ્ના ધો-૮-ઈ પ્રથમ નંબર તથા લાંબી કૂદમાં પટેલ ત્વીષા ધો-૮-સીએ પ્રથમ નંબર મેળવ્યો હતો. બંને વિદ્યાર્થીનીઓએ શિલ્ડ તથા ટ્રોફી મેળવી હતી. તથા કરાટે સ્પર્ધામાં મારૂ રિધ્ધી ધો-૭-ઈ એ બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. આ તમામ વિદ્યાર્થીની બહેનોને શાળાના વ્યાયામ શિક્ષિકા દક્ષાબેન પટેલે માર્ગદર્શન આપ્યું હતું. તથા આચાર્ય નીરૂબેન પટેલે બહેનોને શુભેચ્છા આપી હતી.

# સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા અમૃત મહોત્સવ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સેકટર-૭ મુકામે તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ ૪.૦૦ કલાકે માસિક સભામાં અમૃતવર્ષા મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંસ્થાના તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ કરતા હોય તેવા ભાઈઓ, ૭૦ વર્ષ પૂર્ણ કરતા હોય તેવા બહેનો અને દાંમ્પત્યજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરતા હોય તેવા દંપતિઓનું સન્માન કરવામાં આવશે તેમાં સંસ્થાના સભ્યોને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી બી.ડી. શાહે અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. શરદચંદ્ર ભેનતરાય વ્યાસ, ઉ.વ. ૭૧
- સ્વ. શાંતાબેન મણીલાલ ચૌહાણ, ઉ.વ. ૭૫
- સ્વ. વિજય વિષ્ણુભાઈ સલાટ, ઉ.વ. ૧૯
- સ્વ. વજાજી વેચાતજી ઠાકોર, ઉ.વ. ૬૫

# ભારતમાં બે વિભિન્ન માન્યતાઓ એક સાથે વિકસી શકે છે : નિવિદ દેસાઈ

## દ્વિતિય અમદાવાદ ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલમાં ગાંધીનગરનો યુવાન નિવિદ દેસાઈ છવાયો : મેઘાણીની ચાર પંકિતમાં આખું જીવન સમાઈ જાય છે : વી.એસ. ગઢવી

ગાંધીનગર, તા.૨૬

‘આપણા ભારતની એ વિશેષતા છે કે એક જ પૌરાણિક કથા અંગે બે વિભિન્ન માન્યતાઓ અહીં એક સાથે વિકસી શકે છે.’ ગાંધીનગરના યુવાન નિવિદ દેસાઈએ અમદાવાદ ખાતે યોજાયેલ દ્વિતિય ઈન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ ૨૦૧૭માં પોતાના વકતવ્યમાં આ વાત કરી હતી. અમદાવાદને વૈશ્વિક સ્તરે હેરિટેજ સીટી જાહેર કરાયું હોવાને પગલે હેરિટેજ થીમ આધારિત યોજાયેલ આ લીટરેચર ફેસ્ટિવલમાં નિવિદ દેસાઈએ જણાવ્યું હતું કે, પૌરાણિક કથા વાંચનાર બે વિભિન્ન વાંચકો પોત પોતાની રીતે પ્રસંગોનું તારણ કાઢે છે આ ફેસ્ટિવલ તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બર દરમિયાન વસ્ત્રાપુરના એએમએ ખાતે યોજાયો હતો.







આઈકોન એજયુકેશન ફાઉન્ડેશન અંતર્ગત ઉમાશંકર યાદવ તથા પિન્કી વ્યાસ દ્વારા સતત બીજા વર્ષે આયોજિત આ બે દિવસીય સાહિત્યિક પરિસંવાદમાં ગાંધીનગરના સાનદી અધિકારી તથા સાહિત્યકાર વી.એસ. ગઢવી ઉપરાંત દેશભરમાંથી અનુજા ચંદ્રમૌલી, ઉત્કર્ષ પટેલ, વિશ્વેશ દેસાઈ જેવા અનેક નામી સાહિત્યકારોએ સક્રીય ભાગ લીધો હતો. વી.એસ.ગઢવીએ ‘મિજાજ-એ-મેઘાણી’ વિષય અંતર્ગત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સાહિત્ય આધારિત વકતવ્ય પ્રસ્તુત કરતા કહ્યું હતું કે ‘મેઘાણીની ચાર પંકિતમાં આખુ જીવન સમાઈ જાય છે’ આ સાથે તેમણે જણાવ્યું હતું કે ‘આજની પેઢીને મેઘાણી વિશે ખબર ના હોય તે આપણી કમનસીબી છે.’ આ સમગ્ર પરિસંવાદનું સંચાલન નિવિદ દેસાઈ દ્વારા કરાયું હતું તથા તેઓએ એક સેશનમાં વકતા તરીકેની પણ ભૂમિકા ભજવી હતી.

પૌરાણિક કથાઓ આધારિત વકતવ્યમાં નિવિદ દેસાઈએ કહ્યું કે ‘સાંપ્રત સમયમાં લેખકો મહાભારતના વિવિધ પાત્ર આધારિત સાહિત્ય સર્જન કરે છે.’ આ સાથે તેમણે મહર્ષિ વાલ્મિકીએ જ ‘અદભૂત રામાયણ’ નામથી બીજી રામાયણ પણ લખી હતી જેમાં નાનો અને મોટો બે રાવણ હતા અને મોટા રાવણનો વધ સીતાજી પોતે કરે છે તેવો ઉલ્લેખ હોવાનું જણાવતા ભારતમાં રામાયણના ૩૦૦ જેટલા સ્વરૂપો જોવા મળે છે. વળી, ઈન્ડોનેશિયા, મલેશિયા જેવા દેશોમાં રામાયણના પોતાના આગવા સ્વરૂપે પણ મોજુદ છે.